

## વાવોલની શાલીન-૪ માં આરતી સુશોભન સાથે મહાઆરતી યોજાઈ

ગાંધીનગરના વાવોલ ખાતે શાલીન-૪ સોસાયટીમાં છેલ્લા નોરતે આરતી સુશોભનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોસાયટીની મહિલાઓ-દિકરીઓએ એકમેકથી ચઢિયાતી આરતી શણગારી હતી જેમાં કોરોના મહામારીથી સાવચેતી માટે માસ્ક અને વેક્સિન સાથેની આરતી, શિક્ષણના મહત્વ અંગે જાગૃતિનો સંદેશ આપતી આરતી ઉપરાંત માતાજીની મુખાકૃતિ, ડબલ ડેકર, કોડીથી સજાવેલી ફૂલો, રંગો, રંગબેરંગી કઠોળ,કલાત્મક દિવડાં, સહિત અનેક સામગ્રીથી સજાવેલી આશરે ૨૦ થી વધુ આરતીઓ રજૂ કરાઈ હતી. છેલ્લા નોંરતે સોસાયટીના નવરાત્રી ચોકમાં સમૂહમાં મહાઆરતી યોજાઈ હતી. ત્યારબાદ વસાહતીઓએ વાજતે ગાજતે ગરબાને વાવોલના તળાવ કિનારે સ્થિત મહાકાળી મંદિરે જઈને વળાવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરના રૂપાલ ગામે પલ્લીનો શાંતિપૂર્વક પ્રારંભ થયો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે દશેરાનુ પર્વ ધામધૂમથી અને પરંપરાગત ફાફડા-જલેબી ખાઈ તેની ઉજવણી કરાઈ હતી.
- મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ આજથી ચાર દિવસની રજા પર ગયા છે.
- શહેરમાં ખાદ્ય પદાર્થોની ચકાસણી માટે ૨૫ થી ૨૭ ઓકટો. દરમ્યાન મોબાઈલવાન દ્વારા ચકાસણી કરવામાં આવશે.
- આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્ર વિવિધ માસિક સમીક્ષા બેઠકોમાં વ્યસ્ત રહેશે.
- આજે દશેરાની રજા હોવાથી શહેરમાં ટ્રાફિકનું ભારણ પ્રમાણમાં ઓછુ રહ્યુ હતુ. જો કે સાંજે ક્રિકેટ રસિયાઓએ આઈપીએલની ફાયનલની મઝા વધુ લૂંટી હતી.
- ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટો નવા અને જૂના સેક્ટરોમાં વધુ બંધ હોવાથી લોકો પણ હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- શહેરમાં સેગ્રીગેટ કરેલો કચરો દિવસે દિવસે વધુ ને વધુ મલતો થયો છે તેમ મનપાના સૂત્રોએ સ્વીકાર્યુ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોરોના વેક્સિનેશનમાં માત્ર ૩૦૩ લોકોને આવરી લેવામાં આવ્યા હતા જે આજ સુધી નોંધાયેલા લાભાર્થીઓમાં સૌથી ઓછા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ગરબામાં ભલે ના ગયા પણ... ફાફડા - જલેબીની લાઈનમાં ધક્કા મુક્કી કરી છે તો વેકસીન લેવી જ પડે ને...?**

# ઝુંડાલ નર્મદા કેનાલ પર કારચાલક પાસેથી લેપટોપ, મોબાઈલ અને રોકડની લુંટ

## યુવકને છરી બતાવી ત્રણ શખ્સોએ જે હોય તે આપી દેવા ધમકી આપી

ગાંધીનગર, તા.૧૫

ઝુંડાલ નર્મદા કેનાલ સર્વિસ માર્ગ ગાડી ઉભી રાખી સિગરેટ પીતા યુવકને છરી બતાવી ત્રણ શખ્સોએ કારમાંથી લેપટોપ, મોબાઈલ તેમજ રૂ.૨૭૦૦ મળી કુલ રૂ.૫૨,૭૦૦ મત્તાની લુંટ કરી ભાગી ગયેલા ત્રણ શખ્સો સામે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શુભમભારતી સુનિલભારતી કુંભાર (ઉં.૨૭ રહે, રાંદેસણ શ્રી રંગ ઓએસીસ એ-૫૦૨ મુળ રહે ભોપાલ) કર્ણાવતી કેમ્પસમાં યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન ખાતે પ્રોફેસર તરીકે નોકરી કરે છે. જયારે કેમ્પસ ખાતે નવરાત્રી ગરબાનો કાર્યક્રમ હોવાથી ઘરે થી કાર નં. એમ.પી.૦૪.ટી.બી.-૧૭૬૬ લઈ રાત્રે ૧૦ વાગે ગયા હતા. કોલેજ તરફથી શુભમ ભારતીને લેપટોપ ઈશ્યુ કરવામાં આવ્યું હતુ. જે કારની પાછળના ભાગે મુક્યું હતું. કાર લઈને રાત્રીના ૧૧.૩૦ કલાકની ફરીયાદી કેમ્પસમાંથી કાર ચલાવી ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે રૂમમેટનું લેપટોપ ચાંદખેડાથી લેવાનું હોવાથી તેઓ તે લેવા માટે ચાંદખેડા તરફ જઈ રહ્યા હતા. તે સમયે ઝુંડાલ નર્મદા કેનાલ પાસે કાર ઉભી રાખી પ્રોફેસર સીગરેટ પી રહ્યા હતા.ત્યારે અચાનક ત્રણ સવારી બાઈક લઈને કોબા તરફથી આવેલા શખ્સોએ કાર થી આગળ બાઈક ઉભુ રાખીને તેઓ ચાલતા આવ્યા હતા. તેમાંથી એક શખ્સે છરી બતાવી કારમાં બેઠેલા પ્રોફેસરને કારમાં અને તારી પાસે જે હોય તે આપી દે તેવી ધમકી આપતા પ્રોફેસર ડરી ગયા હોવાથી કારમાં રહેલ લેપટોપ, મોબાઈલ તેમજ રોકડા રૂ.૨૭૦૦ મળી કુલ રૂ. ૫૨,૭૦૦ મત્તાની લુંટ ચલાવી શખ્સો ફરાર થઈગયા હતા. જયારે જતા જતા શખ્સોએ કારની ચાવી કાઢી લઈને કારથી દુર મુકીને ચાલતા જઈને લેવા માટે કહ્યું હતું તે ઉપરાંત કાર લઈને પીછો નહી કરવા જણાવ્યું હતું. સમગ્ર બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



દશેરાના દિવસે યાંત્રિક સાધનોની પૂજા કરવામાં આવે છે. આ પરંપરા અનુસાર ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે બસ તેમજ વર્કશોપના સાધનોની પૂજા કરવામાં આવી હતી.

## સે-૨૯ વંદેમાતરમ્ પાર્ક-૨માં નવચંડી યજ્ઞ સાથે સમાપન

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૨૯ની સરકારી વસાહત વદેમાતરમ પાર્ક-૨ ખાતે નવરાત્રીના અંતિમ દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો હેતુ વસાહતમાં કોરોના મહામારી દરમિયાન દિવંગત થયેલાં મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરવા સાથે તેમની સદગતિ માટે પ્રાર્થના વ્યકત કરવાનો હતો.

આ ઉપરાંત વસાહતીઓના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પણ કામના કરવામાં આવી હતી. રાત્રે સમુહ આરતી બાદ વસાહતીઓએ માતાજીને વળાવી સમુહમાં ફાફડા-જલેબીની મોજ માણી હતી અને એકબીજાને દશેરાની શુભકામના પાઠવી હતી.



નવરાત્રી પૂર્ણ થઈ. થોડીક છૂટછાટ સાથે વસાહતીઓ શેરી ગરબામાં ઘુમ્યા. નવરાત્રીના અંતિમ દિવસે ગરબા વળાવવામાં આવ્યા. માતાજી સૌને સ્વસ્થ રાખે અને કોરોના નામના રાક્ષસથી સૌની રક્ષા કરે તેવી પ્રાર્થના સાથે પરંપરાગત રીતે ગરબા વળાવવામાં આવ્યા હતા.

# પોલીસ હેડ કવાર્ટર ખાતે પોલીસ વડા મયુર ચાવડા દ્વારા શસ્ત્રપૂજન

વિજ્યા દશમીના પાવન પર્વ નિમિતે ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના હસ્તે શસ્ત્ર, અશ્વ અને વાહનોની પુજા કરવામાં આવી હતી. આ પૂજનવિધી કાર્યક્રમમાં પોલીસ અધિકારી-કર્મચારીઓ વિશેષ હાજર રહીને દશેરાની ઉજવણી કરાઈ હતી.

દશેરાના દિવસે શસ્ત્ર પૂજન કરવાનો અનેરો મહિમા રહેલો છે. વિજયાદશમીનો તહેવાર એટલે કે માતાજીના નવલા નોરતા બાદ દેવી શકિતની પૂજા અર્ચનાનો વિશેષ દિવસ માનવામાં આવે છે. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આ વર્ષે પણ દશેરાના દિવસે પોલીસને મળેલા શસ્ત્રો પૈકી ઈન્સાસ રાયફલ, એસએલઆર રાયફલ, એસઆઈજી રાયફલ, અમોઘ રાયફલ, એક કેલીબર રાયફલ, કાર્બાઈન મશીનગન, એમપી ૫ રાયફલ, ગ્લોક પીસ્ટલ, એકે ૪૭, સહિતના શસ્ત્રોની પુજા કરી માતાજીને પ્રાર્થના કરવામાં આવી હતી. શસ્ત્રો દેશની અને જવાનોની સુરક્ષા કાજે મુસીબતો સામે લડવા ઉપયોગી બની શકિત પ્રદાન કરે તેવા આશિર્વાદ માંગવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા અશ્વો તેમજ વાહનોની પણ પૂજા કરવામાં આવી હતી.જયારે અશ્વદળ પોલીસની શાન વધારી રહ્યું છે. ત્યારે દશેરાના દિવસે અશ્વોની ખાસ પુજા કરવામાં આવી હતી. તો બીજીતરફ પોલીસ મથકના અધિકારી-કર્મચારીઓ દ્વારા પણ હસ્તકના હથિયારોની વિધી વિધાન સાથે પૂજન-અર્ચના કરવામાં આવી હતી.





# લેકાવાડા પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગની સામે ગાર્ડન નજીક પાર્ક કરેલા હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ હતી. એલસીબી-૨ એ આ બાઈક ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી દઈ બાઈક ચોરી કરનાર ઈસમને લેકાવાડા પાટીયા પાસેથી દબોચી લીધો છે. પોલીસે બાઈક કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા તેમજ પી.ડી.વાઘેલા, તેમજ સ્ટાફના કર્મચારીઓને વાહનચોરીના ગુના શોધી કાઢવા જરુરી માર્ગદર્શન અને સુચનો કર્યા હતા. પોલીસે હ્યુમન સોર્સિસ તેમજ સીસીટીવી ફુટેજ ચેક કરી પોલીસ વાહન ચોરને પકડવા માટે તે દિશામાં કાર્યરત હતા. તે સમયે દરમિયાન પો.કો.નરેન્દ્રસિંહ ભુપતસિંહ તેમજ વિક્રમસિંહ ધનજીભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે લેકાવાડા પાટીયા પાસેથી એક શખ્સને ચોરીના બાઈક નં. જી.જે.૩૫.સી.-૬૪૧૨ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી વિજય ઉર્ફે કાળીયો જગુજી બેચરજી ઠાકોર (રહે લેકાવાડા) ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તે ભાંગી પડ્યો હતો અને જણાવ્યું હતું કે ગત તા.૧૦ ના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સ્થિત બગીચા નજીક થી બાઈક ચોરી કર્યુ હતું. અને બાઈક તે પોતાના અંગત ઉપયોગ માટે લઈને ફરી રહ્યો હતો. પોલીસે રૂ.૧૦ હજારનું બાઈક કબ્જે કરીનો આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાવોલ ગ્રીન સીટીમાં મહાઆરતી

ગાંધીનગર જિલ્લામાં વાવોલ ગામના ગ્રીન સીટી સોસાયટીમાં નવરાત્રીના આઠમા નોરતાના દિવસે સોસાયટીના દરેક સભ્યોના સંયોગથી ૧૬૦૦ દિવાની સજાવટ કરીને માતાજીના મુખની ભવ્ય આકૃતિ બનાવીને




અને મહાઆરતી કરીને ભવ્ય આયોજન કરવામાં આવ્યું અને ગરબાની ભવ્ય રમજટ સાથે સોસાયટીના દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક પોતાનું યોગદાન આપ્યુ હતુ.




## વાવોલ મહાકાળી મંદિરે નયનરમ્ય રોશની સાથે મહાઆરતી યોજાઈ

ગાંધીનગરના વાવોલમાં મહાકાળી માતાના મંદિરે નવરાત્રીના અંતિમ દિવસ નવમા નોરતે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરતીમાં ગામના અગ્રણીઓ પૂર્વ સરપંચ વિક્રમસિંહ સરદારસિંહ ગોલ, દેવેન્દ્રસિંહ ગોલ ઉર્ફે દેવુભા, પૂર્વ સરપંચ કમલેશજી ગોલ સહિત યુવા અગ્રણીઓ રાજદિપસિંહ બિહોલા, દક્ષરાજસિંહ ગોલ વગેરે સહિત ગામના અન્ય મહાનુભાવોએ મળીને આરતી ઉતારી હતી. આ સાથે તળાવ કિનારે મહાકાળી મંદિરને નયનરમ્ય રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામના શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો.

# વિજયાદશમી-દશેરા પર્વની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરીકો, ભાઈ-બહેનોને વિજયાદશમી-દશેરા પર્વની શુભેચ્છાઓ મુખ્યમંત્રી નિવાસસ્થાને આયોજિત શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં પાઠવી હતી.

મુખ્યમંત્રીએ શુભકામનાઓ પાઠવતા સ્પષ્ટપણે જણાવ્યું કે વિજ્યાદશમી પર્વે શસ્ત્ર પૂજનનો અનેરો મહિમા છે. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના આ ઉત્સવે આપણે સૌએ પણ સદવર્તન, સદાચાર અને સત્યના માર્ગે ચાલીને વિઘટનકારી તત્વોને પરાસ્ત કરી રાષ્ટ્ર-રાજ્યના ઉદયના નિર્માણનું કર્તવ્ય નિભાવવાનું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન વિજ્યાદશમી પર્વે શરૂ કરાવેલી શસ્ત્ર પૂજનની પરંપરામાં આ વખતે સહભાગી થવાની પોતાને તક મળી છે તેનો હર્ષ પણ ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીના સલામતી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ દ્વારા પ્રતિ વર્ષ વિજયાદશમીએ શસ્ત્ર પૂજન વિધિ મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં યોજાય છે. આ વર્ષે યોજાયેલી શસ્ત્ર પૂજન વિધિમાં મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયા અને નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઈન્સ્પેક્ટરો, સબ ઈન્સ્પેક્ટરો મળીને ૫૦ જેટલા સુરક્ષા કર્મીઓ જોડાયા હતા.